# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. **સ્વીડનની સફળ યાત્રા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નોર્વેના ઓસ્લો પહોંચ્યા.**
2. **કેરલમમાં, કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી. ડી. સતીસનના નેતૃત્વ હેઠળના નવા મંત્રીમંડળે શપથ ગ્રહણ કર્યા**
3. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ આજથી વિયેતનામ અને દક્ષિણ કોરિયાની મુલાકાતે જવા રવાના.**
4. **ઉત્તર પ્રદેશમાં, લખીમપુર ખીરી જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં નવ લોકોના મોત**
5. **IPL ક્રિકેટમાં, આજે ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY PM SWEDEN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વીડનની તેમની બે દિવસની મુલાકાત બાદ આજે નોર્વેના ઓસ્લો પહોંચ્યા છે. શ્રી મોદી ભારત અને નોર્વે વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે અને ત્રીજા ભારત નોર્ડિક શિખર સંમેલનમાં ભાગ લેશે.

સાંભળીએ અમારાં સંવાદદાતાનો અહેવાલ...

(V/C: SANGITA GODBOLE)

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેમની સ્વીડન મુલાકાત અંગે જણાવ્યું કે આ મુલાકાતથી ઘણા મહત્વપૂર્ણ પરિણામો મળ્યા છે જે દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ આપશે. તેમણે જણાવ્યું કે દ્વિપક્ષીય સંબંધોને "વ્યૂહાત્મક ભાગીદારી" ના સ્તરે વધારવાથી લઈને, સંયુક્ત નવીનતા ભાગીદારી અને ભારત-સ્વીડન ટેકનોલોજી અને એઆઈ કોરિડોરના બીજા તબક્કાની શરૂઆતથી લઈને, આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બમણું કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરવા સુધીની ચર્ચાઓ અત્યંત ફળદાયી રહી છે. તેમણે સ્વીડિશ લોકો, સરકાર અને પ્રધાનમંત્રી ઉલ્ફ ક્રિસ્ટરસનનો આભાર વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રીને સ્વીડનના સર્વોચ્ચ સન્માન રોયલ ઓર્ડર ઓફ ધ પોલર સ્ટારથી સન્માનિત કરાયા હતા.

# KERALAMNEW MINISTERY

કેરલમમાં, કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી. ડી. સતીસનના નેતૃત્વ હેઠળના નવા યુડીએફ મંત્રીમંડલે આજે તિરુવનંતપુરમ ખાતે શપથ ગ્રહણ કર્યા. રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે નવા મંત્રીઓને શપથ લેવડાવ્યા. જેમાં વી સી સતીસને કેરલમના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. નવા મંત્રીમંડળમાં

ભૂતપૂર્વ વિપક્ષી નેતા અને ભૂતપૂર્વ કેરલમ કોંગ્રેસ પ્રમુખ રમેશ ચેન્નીથલા, વર્તમાન કોંગ્રેસ પ્રમુખ સન્ની જોસેફ, ભૂતપૂર્વ પ્રમુખ કે. મુરલીધરન જેવા વરિષ્ઠ નેતાઓ સામેલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરળમના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ વીડી સતીસનને અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકાર લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં નવી રચાયેલી કેરળમ સરકારને તમામ શક્ય સમર્થનની ખાતરી આપશે.

# AMITSHAH-CHHATISGARH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે છત્તીસગઢના રાયપુરમાં ઇમરજન્સી સેવાઓનો નંબર 112 માટે 400 નવા અત્યાધુનિક વાહનોને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ, રાજ્ય વિધાનસભા અધ્યક્ષ રમણ સિંહ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા પણ હાજર હતા. અત્યાર સુધી, ડાયલ 112 સેવા છત્તીસગઢના ફક્ત 16 જિલ્લાઓમાં ઉપલબ્ધ હતી. રાજ્ય સરકારે હવે આ સેવાનો વિસ્તાર તમામ 33 જિલ્લાઓમાં કર્યો છે. કાર્યક્રમ પછી, શ્રી શાહ બસ્તર જવા રવાના થયા, જ્યાં તેઓ નેતાનાર ગામમાં કેન્દ્રીય અનામત પોલીસ દળ કેમ્પમાં સ્થાપિત જાહેર સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કરશે.

ત્યારબાદ શ્રી શાહ જગદલપુર પહોંચશે અને અમર વાટિકામાં શહીદોને શ્રદ્ધાંજલિ આપશે. સાંજે, તેઓ 'બસ્તર કે સંગ' લોક સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ હાજરી આપશે. કેન્દ્રીય ગૃહમંત્રીની અધ્યક્ષતામાં આવતીકાલે જગદલપુરમાં સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલની 26મી બેઠક યોજાશે.

# RAJNATH- VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ આજથી વિયેતનામ અને દક્ષિણ કોરિયાના પ્રવાસે રવાના થયા છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે જણાવ્યું હતું કે તેઓ દ્વિપક્ષીય જોડાણના વ્યાપને વધુ વિસ્તૃત કરવા માટે બંને એશિયન દેશોની મુલાકાત લેવા આતુર છે. તેમણે કહ્યું કે, વ્યૂહાત્મક લશ્કરી સહયોગને વધુ ગાઢ બનાવવા, સંરક્ષણ ઔદ્યોગિક ભાગીદારીને મજબૂત બનાવવા, દરિયાઈ સહયોગને વેગ આપવા અને હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

વિયેતનામ પ્રવાસ દરમિયાન, રાજનાથ સિંઘ વિયેતનામના સંરક્ષણ મંત્રી જનરલ ફાન વાન ગિઆંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. દક્ષિણ કોરિયામાં, તેઓ દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WB-AGE LIMIT

એક ઐતિહાસિક નિર્ણયમાં, પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારે રાજ્ય સરકારી નોકરીઓમાં પ્રવેશ માટે ઉપલી વય મર્યાદા વધારી છે. ગ્રુપ A ની જગ્યાઓ પર ભરતી માટે ઉપલી વય મર્યાદા હવે 41 વર્ષ નક્કી કરવામાં આવી છે.

ગ્રુપ B ની જગ્યાઓ માટે, મર્યાદા વધારીને 44 વર્ષ કરવામાં આવી છે. અને ગ્રુપ C તથા ગ્રુપ D ની જગ્યાઓ માટે, મહત્તમ વય હવે 45 વર્ષ છે. સરકારે સ્પષ્ટતા કરી હતી કે જ્યાં ઉચ્ચ વય મર્યાદા પહેલાથી જ અમલમાં છે, ત્યાં હાલના નિયમો ચાલુ રહેશે.

મહત્વપૂર્ણ છે કે, જાહેર સેવા આયોગની બહારની ભરતીઓ - જેમાં રાજ્ય ઉપક્રમો, સરકારી કંપનીઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે તે માટે મહત્તમ વય મર્યાદા પણ 45 વર્ષ રહેશે. આ નિર્ણય સત્તાવાર રીતે 11 મે, 2026 થી અમલમાં ગણાશે.

# UP LAKHIMPUR ACCIDENT

ઉત્તર પ્રદેશમાં, લખીમપુર ખીરી જિલ્લામાં આજે સવારે થયેલા એક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે. એક ઝડપી ટ્રક વિરુદ્ધ દિશામાંથી આવી રહેલા વાહન સાથે અથડાઈ ગઈ. વાહનમાં બે મહિલાઓ સહિત દસ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

આ અકસ્માત જિલ્લા મુખ્યાલયથી 40 કિલોમીટર દૂર પીલીભીત-બસ્તી હાઇવે પર અદાલિસપુર ગામ નજીક થયો હતો. ટક્કર એટલી ગંભીર હતી કે વાન લગભગ 10 ફૂટ દૂર ફંગોળાઈ ગયું. આગળ અને પાછળની સીટ પર બેઠેલા લોકોને માથામાં ગંભીર ઈજાઓ થઈ. જ્યારે બે લોકો રસ્તા પર પટકાઈ ગયા.

આ ઘટના અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે દરેક મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. અને ઘાયલોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે. તેમણે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પણ પ્રાર્થના કરી છે.

# EC - BIENNIAL ELECTION

ચૂંટણી પંચે મહારાષ્ટ્ર વિધાન પરિષદની 16 બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણી માટેનું સમયપત્રક જાહેર કર્યું છે. પંચના જણાવ્યા અનુસાર, આ મહિનાની 25મી તારીખે જાહેરનામું બહાર પાડવામાં આવશે અને મતદાન 18 જૂને યોજાશે. મતગણતરી 22 જૂને થશે. સંબંધિત મતવિસ્તારોમાં તાત્કાલિક અસરથી આદર્શ આચારસંહિતા લાગુ કરાઇ છે.

# SONOWAL MARITIME

કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે આજે આંતરરાષ્ટ્રીય દરિયાઈ મહિલા દિવસ પર મહિલા નાવિકોના અદમ્ય જુસ્સાની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સોનોવાલે જણાવ્યું કે ભારતમાં ઊંડા નીતિગત સુધારાઓને કારણે ભારતીય મહિલા નાવિકોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે નારી શક્તિ ભારત અને વૈશ્વિક દરિયાઈ ક્ષેત્રને ઉજ્જવળ, વધુ સમાવિષ્ટ ભવિષ્ય તરફ દોરી રહી છે, તેનું સુકાન સંભાળી રહી છે.

# NEET PAPER LEAK

NEET પેપર લીક કેસનો દોર હવે લાતુરથી મહારાષ્ટ્રના નાંદેડ સુધી વિસ્તર્યો હોવાના અહેવાલ છે. એક માતા-પિતા પર તેની પુત્રી માટે પાંચ લાખ રૂપિયામાં લીક થયેલ પ્રશ્નપત્ર ખરીદવાનો આરોપ છે. CBIની એક ટીમે ગઈકાલે તે વ્યક્તિની પૂછપરછ કરી હતી અને વધુ તપાસ માટે તેને આવતીકાલે એજન્સીના પુણે કાર્યાલયમાં હાજર થવા માટે સમન્સ પાઠવ્યું છે.

દરમિયાન, આ જ કેસમાં, દિલ્હી રાઉઝ એવન્યુ અદાલતે પુણે સ્થિત આરોપી મનીષા મંધારેને 14 દિવસની CBI કસ્ટડીમાં મોકલી છે. CBI એ આ મામલાની તપાસ વધુ તીવ્ર બનાવ્યા બાદ શનિવારે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

# DAY IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે યજમાન ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો સનરાઇઝર્સ હૈદરાબાદ સામે MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે થશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

સનરાઇઝર્સ હૈદરાબાદ 12 મેચોમાં 14 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે, તેણે અત્યાર સુધી સાત મેચ જીતી છે અને પ્લેઓફની રેસમાં મજબૂત રીતે યથાવત છે. જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ 12 મેચોમાં 12 પોઈન્ટ સાથે પાંચમા ક્રમે છે.